તમામ પરીક્ષાઓમાં રેકોર્ડ બ્રેક સ્કોર કરાવતું મેગેઝિન

# સપ્ટેમ્બર Part 2

# 2025

કરન્ટ અફેર્સ તો Crack GPSC નું જ

ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

**CRACK GPSC**

**UPSC - GPSC - PI - PSI - RFO**

**Dy. SO / નાયબ મામ. | ક્લાર્ક | તલાટી | કોન્સ્ટેબલ**

**CCE | TAT | TET | HTAT**

7600051070



# Most Imp Current Affairs – 16 to 30 September 2025

- ભારતીય ફિલ્મ નિર્માતા **નીરજ ઘાયવાનની** ફિલ્મ **હોમબાઉન્ડને** ટોરંટ આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ 2025માં આંતરરાષ્ટ્રીય પીપલ્સ ચોઇસ શ્રેણીમાં બીજી ઉપવિજેતા ફિલ્મનો પુરસ્કાર આપવામાં આવ્યો. હોમબાઉન્ડમાં ઈશાન ખટ્ટર, વિશાલ જેઠવા અને જાહ્નવી કપૂર મુખ્ય ભૂમિકામાં છે. આ ફિલ્મ ઉત્તર ભારતીય ગામના બે બાળપણના મિત્રો વિશે છે. તેઓ બંને પોલીસ અધિકારી બનવાની ઈચ્છા રાખે છે, આદર મેળવવાની આશામાં જેમ જેમ તેઓ પોતાના ધ્યેયની નજીક પહોંચે છે, તેમ તેમ વધતા તણાવ તેમની મિત્રતાની કસોટી કરે છે.
- દક્ષિણ કોરિયન ફિલ્મ નિર્માતા પાર્ક ચાન-વૂકની ફિલ્મ **'નો અધર ચોઇસ'**એ TIFFમાં ટોચનો આંતરરાષ્ટ્રીય પીપલ્સ ચોઇસ એવોર્ડ જીત્યો.
- ઇંગ્લેન્ડના **લિવરપૂલ ખાતે** આયોજિત વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશિપમાં ભારતીય બોક્સર **મીનાક્ષી હુડા અને જાસ્મીન લંબોરિયાએ** ગોલ્ડ મેડલ જીત્યા.
- મેઘાલયના પૂર્વ મુખ્યમંત્રી ડી ડી લાપાંગનું નિધન થયું.
- 16 સપ્ટેમ્બરના **ઓઝોન દિવસ** ઉજવવામાં આવ્યો. આ દિવસની 2025ની થીમ **'વિજ્ઞાનથી વૈશ્વિક ક્રિયા સુધી'** છે. 1994માં, સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ 16 સપ્ટેમ્બરને ઓઝોન સ્તરના સંરક્ષણ માટે આંતરરાષ્ટ્રીય દિવસ તરીકે જાહેર કર્યો.
- **અપોલો ટાયર્સ** ભારતની રાષ્ટ્રીય ક્રિકેટ ટીમોની મુખ્ય સ્પોન્સર કંપની બની. તેમાં પુરુષો, મહિલા, સિનિયર અને જુનિયર ટીમોનો સમાવેશ થાય છે. આ સ્પોન્સરશિપ **અઢી વર્ષ** સુધી ચાલશે. એપોલો ટાયર્સે ₹579 કરોડની બોલી લગાવીને આ સ્પોન્સરશિપ મેળવી છે.
- **આનંદકુમાર વેલકુમારે** ચીનમાં સ્પીડ સ્કેટિંગ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ભારત માટે પહેલો **ગોલ્ડ મેડલ** જીતીને ઇતિહાસ રચ્યો. **ક્રિશ શર્માએ** 1,000 મીટર સ્પ્રિન્ટ ઇવેન્ટ જીતીને જુનિયર કેટેગરીમાં પણ ભારતે સુવર્ણ ચંદ્રકની ઉજવણી કરી.
- ભારતીય ગ્રાન્ડમાસ્ટર **વૈશાલી રમેશબાબુ** FIDE મહિલા ગ્રાન્ડ સ્વિસ ચેમ્પિયનશિપ બે વાર જીતનાર પ્રથમ મહિલા બની.
- કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહે દેહરાદૂન સ્થિત ગ્રાફિક એરા યુનિવર્સિટી ખાતે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, કૌશલ્ય વિકાસ અને નવીનતા માટે એક અત્યાધુનિક સેન્ટર ઓફ એક્સેલન્સનું ઉદ્ઘાટન કર્યું. આ કેન્દ્ર **ઉત્તરાખંડનું પ્રથમ Nvidia-સંચાલિત AI અને ઉચ્ચ-પ્રદર્શન કમ્પ્યુટિંગ (HPC) હબ** છે.
- 17 સપ્ટેમ્બર **હૈદરાબાદ મુક્તિ દિવસ** તરીકે ઉજવવામાં આવ્યો. 17 સપ્ટેમ્બર 1948ના રોજ, હૈદરાબાદ રાજ્યને નિઝામના શાસનથી સ્વતંત્રતા મળી. ભારતીય સેનાએ હૈદરાબાદને ભારતના પ્રથમ ગૃહમંત્રી સરદાર પટેલની મદદથી **ઓપરેશન પોલો હેઠળ** ભારતમાં ભેળવ્યું હતું.
- હૈદરાબાદ સ્થિત CSIR-સેન્ટર ફોર સેલ્યુલર એન્ડ મોલેક્યુલર બાયોલોજી (CCMB)ના વૈજ્ઞાનિકોએ કોષો તેમની આંતરિક રચનાઓને કેવી રીતે ગતિશીલ બનાવવા અને આકાર બદલવા માટે સંચાલિત કરે છે તે અંગે

એક અભૂતપૂર્વ શોધ કરી. તેમણે **સ્પિન90** નામના પ્રોટીનની મહત્ત્વપૂર્ણ ભૂમિકા જાહેર કરી, જે શ્વેત રક્તકણો જેવા કોષોને ઝડપથી બનાવવામાં મદદ કરે છે અને રોગકારક જીવાણુઓનો નાશ કરવા સક્ષમ છે.

- **બાબા કલ્યાણી** અમેરિકન સોસાયટી ઓફ મિકેનિકલ એન્જિનિયર્સ દ્વારા **હોલી** મેડલથી સન્માનિત. આ પુરસ્કાર સમાજને લાભદાયક **એન્જિનિયરિંગ નવીનતા માટે** આપવામાં આવે છે. હોલી મેડલની સ્થાપના 1924માં કરવામાં આવી હતી. બાબા કલ્યાણી ભારત ફોર્જના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર છે.
- **સેન્ટ્રલ ઝોનની** ટીમે ફાઇનલ મેચમાં સાઉથ ઝોનને હરાવીને **દુલીપ ટ્રોફી** જીતી. ટીમના કેપ્ટન **રજત પાટીદાર** 382 રન સાથે ટુર્નામેન્ટના સૌથી વધુ રન બનાવનાર ખેલાડી બન્યા. 19 વિકેટ અને 139 રનનું યોગદાન આપનાર સ્પિનર **સરાંશ જૈનને** પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ જાહેર કરવામાં આવ્યો.
- રાજ્યપાલ **અજય કુમાર ભલ્લાએ** જસ્ટિસ **એમ. સુંદરને** મણિપુર હાઈકોર્ટના 10મા મુખ્ય ન્યાયાધીશ તરીકે શપથ લેવડાવ્યા.
- મણિપુરના ઉખરુલ જિલ્લાના **સિરારખોંગ** ગામમાં 14મા સિરારખોંગ હથેઈ મરચા ઉત્સવનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. 2021માં સિરારખોંગ હથેઈ મરચાને તેનું ભૌગોલિક સંકેત (GI) ટેગ આપવામાં આવ્યું હતું.
- 18 સપ્ટેમ્બરના મહિલાઓ અને પુરુષોના રહેલી પગારની અસમાનતાને દૂર કરવા માટે જાગૃતિ લાવવા આંતરરાષ્ટ્રીય સમાન પગાર દિવસ મનાવવામાં આવે છે.
- માહિતી અને ટેકનોલોજી મંત્રી, અશ્વિની વૈષ્ણવે સમગ્ર ભારતમાં 500થી વધુ ડેટા લેબ સ્થાપવાની યોજનાની જાહેરાત કરી. આ જાહેરાત ઈન્ડિયા AI મિશનનો એક ભાગ છે.
- દેશભરમાં મોબાઇલ સેવાઓની પહોંચ વધારવા પોસ્ટ વિભાગ (DoP) અને ભારત સંચાર નિગમ લિમિટેડ (BSNL) એ નવી દિલ્હીમાં એક કરાર પર હસ્તાક્ષર કર્યા. આ કરાર હેઠળ, BSNL સિમ કાર્ડનું વિતરણ કરવા ઇન્ડિયન પોસ્ટના 1.65 લાખથી વધુ પોસ્ટ ઓફિસના વિશાળ નેટવર્કનો ઉપયોગ કરવામાં આવશે. આ પોસ્ટ ઓફિસો મોબાઇલ રિચાર્જ સેવાઓ પણ પૂરી પાડશે. આ માટે **આસામમાં** એક પાયલોટ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો હતો જે ખૂબ જ સફળ રહ્યો.
- IMF એ ભારતીય UPIને ડિજિટલ લેણદેણ માટેનું એક વૈશ્વિક મોડલ જાહેર કર્યું. ભારતનું યુનિફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ (UPI) દર મહિને 20 અબજથી વધુ વ્યવહારો સંચાલિત કરે છે. વર્તમાનમાં **ભારત બહાર 8 દેશોમાં** ભારતીય પેમેન્ટ સિસ્ટમ UPI સંચાલિત કરવામાં આવી રહી છે. યુનિફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ (UPI) **2016માં NPCI** દ્વારા લોન્ચ કરવામાં આવ્યું હતું.
- વડાપ્રધાન મોદીએ **ધારમાં** પીએમ મિત્ર પાર્કનું ઉદ્ઘાટન કર્યું, જે આશરે 1,300 એકરમાં ફેલાયેલો ભારતનો સૌથી મોટો સંકલિત કાપડ પાર્ક છે. આ પાર્ક 3 લાખ નોકરીઓનું સર્જન કરશે તેવી અપેક્ષા છે અને તેણે પહેલેથી જ ₹ 23,140 કરોડનું રોકાણ આકર્ષ્યું છે.
- બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે બેરોજગાર સ્નાતકો માટે માસિક રૂ. 1000 ભથ્થાની જાહેરાત કરી. અગાઉ, આ ભથ્થું ફક્ત ઇન્ટરમીડિયેટ પાસ ઉમેદવારો માટે જ હતું. પરંતુ, હવે 20-25 વર્ષની વય જૂથના સ્નાતકો, જેઓ અભ્યાસ કે નોકરી નથી કરી રહ્યા તેમને આ લાભ મળશે. આ ભથ્થું **બે વર્ષ માટે** આપવામાં આવશે.
- બિહાર સરકારે પટનામાં કોન્ટ્રાક્ટ કામદારો માટે એક નવું **પ્રતિજ્ઞા** વેબ પોર્ટલ શરૂ કરવામાં આવ્યું.
- જાપાન સ્થિત **રેટિંગ એન્ડ ઇન્વેસ્ટમેન્ટ ઇન્ફોર્મેશન, ઇન્ક** (R&I) એ ભારતનું સોવરેન ક્રેડિટ રેટિંગ 'BBB+' સુધી વધારી દીધું.

- PM નરેન્દ્ર મોદીએ સ્વસ્થ નારી સશક્ત નારી સશક્ત પરિવાર અભિયાન અંતર્ગત 8મા રાષ્ટ્રીય પોષણ માસનો શુભારંભ કર્યો. પોષણ અભિયાન સૌપ્રથમ 8 માર્ચ, 2018ના રાજસ્થાનના **ઝુનઝુનુમાં** શરૂ કરવામાં આવ્યું હતું. પોષણ મહિનો દર **સપ્ટેમ્બરમાં** ઉજવવામાં આવે છે. આ વર્ષનો પોષણ માસ **'પોષણ ભી પઢાઈ ભી'** પહેલ દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020ને સમર્થન આપે છે. પ્રધાનમંત્રી પોષણ યોજના અગાઉ મધ્યાહન ભોજન યોજના તરીકે જાણીતી હતી, તે 11.2 લાખ શાળાઓમાં 11.8 કરોડથી વધુ વિદ્યાર્થીઓને ભોજન પૂરું પાડે છે.
- PF એકાઉન્ટના ટ્રેકિંગને સરળ બનાવવા, EPFO વેબસાઇટ **પર 'પાસબુક લાઇટ'** નામનું નવું ફીચર લોન્ચ કરવામાં આવ્યું. હવે તમામ EPFO સેવાઓ એક જ લોગિન દ્વારા 7 કરોડથી વધુ ગ્રાહકોને ઉપલબ્ધ થશે.
- ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી (IIT) કાનપુર અને વિયેતનામ નેશનલ યુનિવર્સિટી (VNU) વચ્ચે અનેક અધતન ક્ષેત્રોમાં શૈક્ષણિક અને સંશોધન સહયોગને પ્રોત્સાહન આપવા માટે એક એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.
- તમિલનાડુના મુખ્યમંત્રી સ્ટાલિન દ્વારા અનાથ બાળકોના શિક્ષણ માટે **'અંબુ કરંગલ'** કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ અનાથ બાળકો અથવા તેમના માતા-પિતામાંથી એક ગુમાવનાર બાળકોના શિક્ષણ માટે 18 વર્ષના ન થાય અને તેમનું શાળાકીય શિક્ષણ પૂર્ણ ન કરે ત્યાં સુધી ₹2,000 ની માસિક નાણાકીય સહાય પૂરી પાડે છે. આ પહેલ રાજ્ય સરકારના **'થૈયુમ્નાવર'** કાર્યક્રમનો એક ભાગ છે, જેનો ઉદ્દેશ ગરીબોને મદદ કરવાનો છે.
- 21 સપ્ટેમ્બરના આંતરરાષ્ટ્રીય શાંતિ દિવસ ઉજવવામાં આવ્યો. તેની થીમ **'શાંતિપૂર્ણ વિશ્વ માટે હવે કાર્ય કરો'** છે. સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ 1981માં આંતરરાષ્ટ્રીય શાંતિ દિવસની સ્થાપના કરી હતી.
- 21 સપ્ટેમ્બરના અલ્ઝાઇમર દિવસ ઉજવવામાં આવ્યો. જર્મન મનોચિકિત્સક અને રોગવિજ્ઞાની, **એલોઇસ અલ્ઝાઇમરે**, સૌપ્રથમ 1906માં આ રોગનું વર્ણન કર્યું હતું. તેનાં લક્ષણોમાં ભૂલવાની સમસ્યા, મૂડ સ્વિંગ અને દિશાહિનતાનો સમાવેશ થાય છે.
- વહીવટી સુધારણા અને જાહેર ફરિયાદ વિભાગ (DARPG), ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી પ્રૌધોગિકી મંત્રાલય (MeitY) અને આંધ્ર પ્રદેશ સરકાર દ્વારા સંયુક્ત રીતે ઇ ગવર્નન્સ રાષ્ટ્રીય સંમેલન આયોજિત કરવામાં આવ્યું. કોન્ફરન્સની થીમ **'વિકસિત ભારત: સિવિલ સર્વિસ એન્ડ ડિજિટલ ટ્રાન્સફોર્મેશન'** છે.
- ટ્રોપિકલ ફોરેવર ફેસિલિટી (TFFF)માં રોકાણ કરનાર **બ્રાઝિલ** પહેલો દેશ બન્યો. ગ્લોબલ ફોરેસ્ટ ફંડ એ વૈશ્વિક સ્તરે સંકટગ્રસ્ત જંગલોના સંરક્ષણ માટેનું એક ફંડ છે. ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્રમાં રાષ્ટ્રપતિ લુઇઝ ઇનાસિયો લુલા દા સિલ્વા દ્વારા રોકાણની જાહેરાત કરવામાં આવી.
- 71મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહમાં **મોહનલાલને** ભારતીય સિનેમામાં તેમના મહત્વપૂર્ણ યોગદાન માટે દાદા સાહેબ ફાળકે એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા. મોહનલાલે ચાલીસ વર્ષમાં 400 થી વધુ ફિલ્મોમાં અભિનય કર્યો છે. તેમને 2001માં પદ્મશ્રી અને 2019માં પદ્મ ભૂષણથી નવાજવામાં આવ્યા હતા. દાદાસાહેબ ફાળકે પુરસ્કારની શરૂઆત **1969માં** થઇ હતી. આ દેશનું સર્વોચ્ચ સિનેમા સન્માન છે.

સરકારી નોકરીની તૈયારી માટે
FEE ની ચિંતા છોડો,
FREE તૈયારી કરો.
Crack GPSC easily with...
CRACK GPSC

- તમિલનાડુના નાયબ મુખ્યમંત્રી **ઉધયનિધિ સ્ટાલિને** મહિલા સ્વ-સહાય જૂથ (SHG) સભ્યો માટે ઓળખ કાર્ડ જારી કરવાની શરૂઆત કરી. તમિલનાડુમાં હાલમાં પાંચ લાખથી વધુ સક્રિય સ્વ-સહાય જૂથો છે. સૌ પ્રથવાર રાજ્ય સરકારે **સાલેમ** જિલ્લામાં સત્તાવાર રીતે ઓળખ કાર્ડનું વિતરણ કર્યું હતું. તમિલનાડુએ 1989માં મહિલા SHG ચળવળની શરૂઆત કરી હતી, તે હવે SHG સભ્યોને સત્તાવાર ઓળખ કાર્ડ પ્રદાન કરનાર પ્રથમ રાજ્ય છે. આ ઓળખપત્રોના આધારે મહિલાઓ સરકારી બસોમાં 100 કિલોમીટર સુધી તેમનો સામાન મફતમાં લઈ જઈ શકે છે.
- ભારત યુનિવર્સલ પોસ્ટલ યુનિયનની વહીવટી પરિષદ અને પોસ્ટલ ઓપરેટિંગ કાઉન્સિલ માટે ફરીથી ચૂંટાયું. ભારત **1876થી** UPUનું સભ્ય છે.
- નવી દિલ્હીમાં ભારતના મુખ્ય ન્યાયાધીશ **બી. આર. ગવાઈ** દ્વારા સેન્ટ્રલ એડમિનિસ્ટ્રેટિવ ટ્રિબ્યુનલ (CAT)ની 10મી અખિલ ભારતીય પરિષદનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું.
- રક્ષા મંત્રી રાજનાથ સિંહ **મોરોક્કોમાં** પ્રથમ ભારતીય સંરક્ષણ ઉત્પાદન પ્લાન્ટનું ઉદ્ઘાટન કરશે. કોઈ ભારતીય રક્ષા મંત્રીની ઉત્તર આફ્રિકાના દેશની આ પ્રથમ મુલાકાત છે. આ આફ્રિકામાં પ્રથમ ભારતીય સંરક્ષણ ઉત્પાદન પ્લાન્ટ છે, જે આત્મનિર્ભર ભારત હેઠળ ભારતના વૈશ્વિક વિસ્તરણને ચિહ્નિત કરે છે. કોઈ ભારતીય રક્ષા મંત્રીની ઉત્તર આફ્રિકાના દેશની આ પ્રથમ મુલાકાત છે.
- સિંગાપોરમાં સ્કુબા ડાઇવિંગ અકસ્માતમાં પ્રખ્યાત **આસામી ગાયક ઝુબીન ગર્ગનું** નિધન થયું. તેમણે 2006માં આવેલી ફિલ્મ ગેંગસ્ટરના ગીત **'યા અલી'થી** બોલિવૂડમાં ઓળખ મેળવી હતી. તેમણે 40 ભાષાઓમાં 38,000થી વધુ ગીતોનું રેકોર્ડિંગ કરીને કારકિર્દી બનાવી હતી. તેમનું પહેલું મ્યુઝિક **આલ્બમ, અનામિકા,** 1992માં રિલીઝ થયું હતું.
- 23 સપ્ટેમ્બરના આયુર્વેદ દિવસની ઉજવણી અખિલ ભારતીય આયુર્વેદ સંસ્થાન (AIIA) દ્વારા કરવામાં આવી રહી છે. વર્ષ 2025ના આ દિવસની મેજબાની **ગોવાએ** કરી. વર્ષ 2025ની થીમ **'લોકો અને ગ્રહ માટે આયુર્વેદ'** છે. **ભગવાન ધનવંતરી** કે જેમને **આયુર્વેદના પિતા** માનવામાં આવે છે તેમની જયંતી એટલે કે ધનતેરસને આયુર્વેદ દિવસ તરીકે મનાવવામાં આવતો હતો પરંતુ, તારીખની અનિશ્ચિતતાને ધ્યાને રાખતાં હવેથી આ દિવસ ચોક્કસ તારીખે 23 સપ્ટેમ્બરે ઉજવવાની જાહેરાત કરવામાં આવી છે.
- 23 સપ્ટેમ્બરના સાંકેતિક ભાષા દિવસ તરીકે મનાવવામાં આવ્યો. આ વર્ષની થીમ **'સાઇન લેંગ્વેજ રાઇટ્સ વિના માનવ અધિકાર નહીં'** છે.
- ભારત સરકાર અને એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB) એ $ 125 મિલિયનના લોન કરાર પર હસ્તાક્ષર કર્યા. આ લોન શહેરી જીવનની સ્થિતિ સુધારવામાં અને આસામમાં આબોહવા સ્થિતિસ્થાપકતા વધારવામાં મદદ કરશે. આ પ્રોજેક્ટથી છ જિલ્લા કેન્દ્રો અને ગુવાહાટીના 360000 રહેવાસીઓને ફાયદો થશે. તેનો હેતુ સ્ટોર્મ વોટર મેનેજમેન્ટ સિસ્ટમને અપગ્રેડ કરવાનો છે. ઇન્ફ્રાસ્ટ્રક્ચર યોજનાઓમાં છ નવા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટનો સમાવેશ થાય છે. આ પ્લાન્ટ્સની સંયુક્ત ક્ષમતા પ્રતિદિન 72 મિલિયન લિટર હશે. આ પ્રોજેક્ટ હેઠળ 800 કિલોમીટર પાણી વિતરણ પાઈપલાઈન નાખવામાં આવશે.
- ભારતીય જુનિયર સ્પીડ સ્કેટર **અનીશ રાજે** ચીનના બેડાઇહેમાં 73મી ઇનલાઇન સ્પીડ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં જુનિયર પુરુષોની વન-લેપ રોડ સ્પ્રિન્ટમાં **બ્રોન્ઝ મેડલ** જીતી ઇતિહાસ રચ્યો. 73મી ઇનલાઇન સ્પીડ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં મેડલ જીતનાર તે પ્રથમ ભારતીય બન્યો.

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ત્રિપુરાના ગોમતી જિલ્લામાં ઉદયપુરમાં પુનઃવિકાસિત 524 વર્ષ જૂના **ત્રિપુરા સુંદરી મંદિર સંકુલનું** ઉદ્ઘાટન કર્યું. અહીંનું મુખ્ય મંદિર **'નટમંદિર'** 7,355 ચોરસ મીટરના વિસ્તાર સાથે ટોચના માળે આવેલું છે. મંદિરની આસપાસ પાંચ પાણીના સ્ત્રોત છે. 1501માં **માણિક્ય વંશના ધન્ય માણિક્ય દ્વારા સ્થાપિત,** આ મંદિરને સ્વપ્નમાં દૈવી આદેશો મળ્યા પછી કાચબાના ખૂંધના આકારમાં બનાવવામાં આવ્યું હતું. મંદિરમાં બે મૂર્તિઓની પૂજા કરવામાં આવે છે, એક દેવી ત્રિપુરાસુંદરીની પાંચ ફૂટ ઊંચી મૂર્તિ અને બીજી દેવી છોટી મા અથવા દેવી ચંડીની, જેને પરંપરાગત રીતે ત્રિપુરાના રાજાઓ યુદ્ધો અને શિકાર અભિયાનો દરમિયાન લઈ જતા હતા.
- નવી દિલ્હીના રાષ્ટ્રીય સંગ્રહાલયમાંથી બુદ્ધના પવિત્ર અવશેષો પ્રથમ વખત રશિયાના **કાલ્મીકિયામાં** પ્રદર્શિત કરવામાં આવશે. આ અવશેષો **એલિસ્ટામાં** આયોજિત થનાર **3જી આંતરરાષ્ટ્રીય બૌદ્ધ મંચ** દરમિયાન પ્રતિષ્ઠિત કરવામાં આવશે.
- વર્લ્ડ ચેમ્પિયનશીપ 2025માં **મેકલોફલિન-લેવરોને** 40 વર્ષમાં સૌથી ઝડપી 400 મીટર દોડીને ગોલ્ડ જીત્યો. તેણે 47.78 સેકન્ડના સમય સાથે ગોલ્ડ મેડલ જીત્યો.
- 2025 એશિયા કપના ભારતના અંતિમ ગ્રુપ મેચમાં ઓમાનના વિનાયક શુક્લાને આઉટ કરીને **અર્શદીપ સિંહ** 100 T20 વિકેટ મેળવનાર પ્રથમ ભારતીય પુરુષ બોલર બન્યો. અર્શદીપ 100થી વધુ વિકેટ લેનાર 25મો બોલર બન્યો. **વિનુ માંકડ** 100 ટેસ્ટ વિકેટ મેળવનાર પ્રથમ ભારતીય બોલર હતા, જ્યારે **કપિલ દેવ** 100 વનડે વિકેટ મેળવનાર પ્રથમ બોલર હતા.
- **ફોનપેને** ઓનલાઈન પેમેન્ટ એગ્રીગેટર તરીકે કામ કરવા માટે RBI તરફથી મંજૂરી આપવામાં આવી. ફોનપેના 650 મિલિયનથી વધુ નોંધાયેલા વપરાશકર્તાઓ છે. કંપની પાસે 45 મિલિયન આઉટલેટ્સનું વેપારી નેટવર્ક છે. ફોનપે દરરોજ 36 કરોડથી વધુ વ્યવહારો કરે છે. ફોનપે એ **વોલમાર્ટ**-સમર્થિત ફિનટેક કંપની છે જેનું મુખ્ય મથક **બેંગલુરુમાં** છે.
- અહમદનગર રેલવે સ્ટેશનનું નામ બદલીને **અહલ્યાનગર રેલવે સ્ટેશન** કરવામાં આવ્યું આ પરિવર્તન લોકમાતા **દેવી અહિલ્યાબાઈ હોલકરના** વારસાને સન્માન આપવા માટે કરવામાં આવ્યું છે. 2025માં જ આ જિલ્લાનું નામ અહલ્યાનગર રાખવામાં આવ્યું હતું.
- રબાત ખાતે સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને મોરોક્કોના સંરક્ષણ મંત્રી અબ્દેલતિફ લૌધ વચ્ચે દ્વિપક્ષીય બેઠક યોજાઈ જેમાં બંને દેશો વચ્ચે રક્ષા ક્ષેત્રે સહયોગ માટે સમજૂતી કરવામાં આવી.
- વિશાખાપટ્ટનમમાં ગ્રામ પંચાયતોને ઈ-ગવર્નન્સ 2025 માટે રાષ્ટ્રીય પુરસ્કારો એનાયત કરવામાં આવ્યા. **ગોલ્ડ મેડલ** વિજેતા રોહિણી ગ્રામ પંચાયત મહારાષ્ટ્રની પ્રથમ ગ્રામ પંચાયત બની જેણે સંપૂર્ણપણે પેપરલેસ ઇ-ઓફિસ સિસ્ટમ અપનાવી. **જૂરી એવોર્ડ** વિજેતા પલસાણા ગ્રામ પંચાયતે (જીલ્લો - સુરત, સરપંચ - પ્રવિણભાઈ પરસોતમભાઈ આહીર) QR/UPI કર ચૂકવણી, ફરિયાદ નિવારણ અને કલ્યાણ સેવાઓ માટે ડિજિટલ ગુજરાત અને ગ્રામ સુવિધાને એકીકૃત કરી, જેનાથી વાર્ષિક 10,000થી વધુ નાગરિકોને લાભ થયો.
- **વંદના ગુપ્તાની** Controller General of Communication Account તરીકે નિયુક્તિ કરવામાં આવી.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે વર્લ્ડ ફૂડ ઇન્ડિયા 2025નું ઉદ્ઘાટન કર્યું. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય ભારતને "વિશ્વનું ખાદ્ય કેન્દ્ર" બનાવવાનો છે. ભારત વૈશ્વિક દૂધ ઉત્પાદનમાં સૌથી **ટોચના** સ્થાને છે તથા ઘઉં, ચોખા, શેરડીના ઉત્પાદનમાં વૈશ્વિક **બીજા** સ્થાને છે.

- નેશનલ સેન્ટર ફોર મીડિયમ રેન્જ વેધર ફોરકાસ્ટિંગ (NCMRWF) અને ન્યૂ સ્પેસ ઇન્ડિયા લિમિટેડ (NSIL) વચ્ચે એક MoU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા. આ કરાર હેઠળ, બે ડાયરેક્ટ બ્રોડકાસ્ટ નેટવર્ક સ્ટેશન સ્થાપિત કરવામાં આવશે. એક સ્ટેશન દિલ્હી-એનસીઆર ક્ષેત્રમાં સ્થિત હશે અને બીજું સ્ટેશન ચેન્નાઈમાં સ્થાપિત કરવામાં આવશે. આ સ્ટેશનો સીધા અને વાસ્તવિક સમયમાં સેટેલાઇટ ડેટા પ્રાપ્ત કરશે અને ભારતીય પૃથ્વી નિરીક્ષણ ઉપગ્રહો પાસેથી માહિતી એકત્રિત કરશે.
- વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ફોરમ ફોર ઈન્ડિયા-પેસિફિક આઇલેન્ડ્સ કોઓપરેશન (FIPIC) ના વિદેશ મંત્રીઓ સાથે બેઠક ન્યુ યોર્કમાં આયોજિત કરી. FIPICનું લોન્ચિંગ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા 2014માં ફીજીની મુલાકાત દરમિયાન કરવામાં આવ્યું હતું. ભારત સરકાર દ્વારા **14 પેસિફિક ટાપુ દેશો** સાથેના સંબંધોને મજબૂત બનાવવા તેની સ્થાપના કરવામાં આવી હતી
- આયુષ્યમાન ભારત કાર્ડની વહેંચણીમાં **ઉત્તરપ્રદેશ** દેશમાં ટોચના સ્થાને છે. રાજ્યના 87% પાત્ર પરિવારના ઓછામાં ઓછા એક સભ્ય પાસે આયુષ્માન કાર્ડ છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે તાજેતરમાં શિક્ષકોને પણ આ યોજના હેઠળ લાવવા માટે જાહેરાત કરી હતી.
- નિવૃત્ત આંતરરાષ્ટ્રીય ક્રિકેટ અમ્પાયર હેરોલ્ડ ડેનિસ ડિકી બર્ડનું અવસાન થયું.
- તમિલનાડુના તિરુપુર શહેરમાં નાંજરાયન પક્ષી અભયારણ્યમાં દુર્લભ **લાલ ગળાવાળું ફ્લારોપ** પ્રથમ વખત જોવા મળ્યું. આ અભયારણ્યના  વિસ્તારમાં નોંધાયેલી આ 192મી પક્ષી પ્રજાતિ છે. લાલ ગળાવાળા ફાલેરોપ આર્કટિક ક્ષેત્રમાં પ્રજનન સમય દરમિયાન જોવા મળે છે અને શિયાળા દરમિયાન મુખ્યત્વે દક્ષિણપૂર્વ એશિયાઇ દેશોમાં સ્થળાંતર કરે છે.
- પંડિત દીનદયાળ ઉપાધ્યાયની જન્મજયંતિ નિમિત્તે 25 સપ્ટેમ્બરના રોજ **અંત્યોદય દિવસ** તરીકે  ઉજવવામાં આવે છે. પંડિત દીનદયાળનો જન્મ 25 સપ્ટેમ્બર 1916ના રોજ ઉત્તર પ્રદેશના મથુરા જિલ્લામાં થયો હતો. તેમને તેમના **ઇન્ટિગ્રલ હ્યુમન ફિલોસોફી** માટે યાદ કરવામાં આવે છે.
- ભારત અને ઓસ્ટ્રેલિયાએ **ઓર્ગેનિક ઉત્પાદનો** માટે પરસ્પર હસ્તાક્ષર કર્યા. નાણાકીય વર્ષ 2024-25માં ઓસ્ટ્રેલિયામાં ભારતની ઓર્ગેનિક નિકાસ 8.96 મિલિયન યુએસ ડોલર સુધી પહોંચી ગઈ. ભારતનો ઉદ્દેશ્ય દેશને 'વિશ્વનો સૌથી મોટો કાર્બનિક ખોરાકનો દેશ' બનવાનો છે.
- પ્રખ્યાત કન્નડ લેખક ડૉ. એસ. એલ. ભૈરપ્પાનું અવસાન થયું. તેમની પ્રસિદ્ધ કૃતિઓમાં વંશવૃક્ષ, દાતુ, પર્વ, ગૃહભંગ, અવારન, નયી નેરાલુ અને સાર્થનો સમાવેશ થાય છે.
- સરકારે નેશનલ કેરિયર સર્વિસ (NCS) પોર્ટલ દ્વારા યુવાનોની રોજગારીની તકો અને રોજગારક્ષમતા વધારવા માટે ક્વિક કોમર્સ પ્લેટફોર્મ **ઝેપ્ટો** સાથે ભાગીદારી કરી. NCS પ્લેટફોર્મને નોકરીદાતાઓ અને નોકરી શોધનારાઓને જોડતા એક અનોખા સેતુ તરીકે ઓળખવામાં આવે છે.
- કેબિનેટની નિમણૂક સમિતિ (ACC) એ જનરલ **અનિલ ચૌહાણના** ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (CDS) તરીકેના કાર્યકાળને લંબાવવાની મંજૂરી આપી છે. જનરલ **બિપિન રાવત** પહેલા ચીફ ઓફ ડિફેન્સ **સ્ટાફ** હતા.

સરકારી નોકરીની તૈયારી માટે
76000 51070
Crack GPSC easily with...
CRACK GPSC
• અભ્યાસ/જોબ સાથે, ઘરે બેઠાં, ઓછા સમયમાં કોઈ પણ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી કરો.

- ભારતે 2000 કિમી સુધીના લક્ષ્યોને ભેદવામાં સક્ષમ અગ્નિ પ્રાઈમ મિસાઇલનું ટ્રેન પર લાગેલ લોન્ચર સિસ્ટમથી સફળતા પૂર્વક પરીક્ષણ કર્યું. રશિયા, ચીન અને ઉત્તર કોરિયા બાદ ભારત ટ્રેન પરથી મિસાઇલ છોડનાર **વિશ્વનો ચોથો દેશ** બન્યો છે. આગામી સમયમાં ભારત 70 કિમી પ્રતિ કલાકની ઝડપે ચાલતી ટ્રેનમાંથી મિસાઇલ પરીક્ષણ કરવા માટેની તૈયારીઓ કરી રહ્યું છે. અગ્નિ પ્રાઈમ માટે બનાવાયેલ લોન્ચર 25.4 મીટર લંબાઈ ધરાવે છે અને બ્રોડગેજ પર કામ કરે છે. તેના પર તૈનાત કરવામાં આવેલ મિસાઇલ સેટેલાઇટ અને રડારની પકડમાં આવી શકતી નથી તે તેની મુખ્ય વિશેષતા છે.
- આયુષ મંત્રાલયે **'પ્રયાસ'** નામનું એક નવું સંકલિત ન્યુરો-પુનર્જીવન કેન્દ્ર શરૂ કર્યું. આ કેન્દ્ર **ગોવામાં** ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદ (AIIA) ખાતે સ્થિત છે. આ કેન્દ્ર ભારતની પરંપરાગત અને આધુનિક ચિકિત્સા પદ્ધતિઓને એકસાથે ઉપયોગ કરીને સારવાર આપવાનું કામ કરશે.
- **AYUSH** -Ayurveda, Yoga, and Naturopathy, Unani, Siddha and Homoeopathy
- કેન્દ્રીય આરોગ્ય મંત્રી જગત પ્રકાશ નડ્ડાએ **ભારત મંડપમ ખાતે** 3જી ગ્લોબલ ફૂડ રેગ્યુલેટર્સ સમિટ 2025નું ઉદ્ઘાટન કર્યું. આ સમિટની થીમ **'વિકસિત ખાદ્ય પ્રણાલી - જેવું અન્ન તેવું મન'** હતી.
- **સુધાંશુ વત્સને** ASCI (Advertising Standards Council of India)ના **અધ્યક્ષ** નીમવામાં આવ્યા. તેઓ પિડિલાઇટ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર છે. મુલેનલો ગ્લોબલના એસ. સુબ્રમણ્યેશ્વરને ઉપપ્રમુખ તરીકે, પ્રોવોકેટર એડવાઇઝરીના પ્રિન્સિપાલ પરિતોષ જોશીને માનદ ખજાનચી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. ASCI એ ભારતમાં જાહેરાતો માટે એક સ્વતંત્ર સ્વ-નિયમનકારી સંસ્થા છે.
- કન્યાકુમારીના **કોલાચલ** કિનારા પાસે પાંખ વગરની સાપ જેવી માછલીની એક નવી પ્રજાતિ મળી આવી છે જેનું નામ એપ્ટેરિચથિસ **કન્યાકુમારી** રાખવામાં આવ્યું. કોચીમાં નેશનલ બ્યુરો ઓફ ફિશ જિનેટિક રિસોર્સિસ (NBFGR)ના વૈજ્ઞાનિકો દ્વારા તેની શોધ કરવામાં આવી હતી.
- સંરક્ષણ મંત્રાલયે હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ સાથે ₹ 62,000 કરોડના 97 તેજસ Mk 1A જેટ માટે કરાર પર હસ્તાક્ષર કર્યા. આ કરારમાં વિમાનમાં 64% થી વધુ સ્વદેશી સામગ્રીનો વપરાશ કરાયો છે. Mk 1A જેટ અદ્યતન AESA રડાર, સ્વ-રક્ષા કવચ અને સ્વદેશી એક્ટ્યુએટર્સ જેવી સિસ્ટમોથી સજ્જ છે.
- આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ **તિરુમાલામાં** ભારતના પ્રથમ AI-સંચાલિત ઇન્ટિગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર (ICCC)નું ઉદ્ઘાટન કર્યું. ICCC ભીડની આગાહી કરવા, કતારોનું ઝડપથી સંચાલન કરવા, સુરક્ષા વધારવા અને સાયબર જોખમોનું નિરીક્ષણ કરવા માટે ઉપયોગી બનશે.
- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ રાષ્ટ્રીય ભુ-વિજ્ઞાન પુરસ્કાર પ્રદાન કર્યા. **પ્રો. શ્યામ સુંદર રાયને** લાઇફટાઇમ એચિવમેન્ટ એવોર્ડ મળ્યો. **સુશોભન નિયોગીને** યુવા ભૂસ્તરશાસ્ત્રી પુરસ્કાર આપવામાં આવ્યો.
- લદ્દાખની રાજધાની લેહમાં સંપૂર્ણ રાજ્યના દરજ્જાની માગ અને છઠ્ઠી અનુસૂચિમાં સમાવેશ કરવાની માગને લઈને ચાલી રહેલા આંદોલનને ભડકાવવાના આરોપ હેઠળ પોલીસે સોશિયલ એક્ટિવિસ્ટ **સોનમ વાંગચૂકની** ધરપકડ કરી.
- **મ્યાનમારમાં** મહત્વના બૌદ્ધ ઉત્સવ **ફાઉગ દાઉ ઉપગોડા મહોત્સવની** ઉજવણી કરવામાં આવી.

ફ્રી સરકારી નોકરીની તૈયારી માટે
FEE ની ચિંતા છોડો, FREE તૈયારી કરો.
Crack GPSC easily with...
CRACK GPSC

- રાષ્ટ્રીય ગોકુળ મિશન અંતર્ગત કામધેનુ બ્રિડિંગ સેન્ટરોમાં લુપ્ત થતી દેશી ગાય અને ભેંસોની નસલોને સંરક્ષિત કરવા ગાય ભેંસની સરોગસી માટેનો પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો.
- ભારત **ચેન્નઈ** ખાતે પ્રથમ વખત વિશ્વ સમુદ્રી ખાદ્ય કોંગ્રેસ 2026ની મેજબાની કરશે. ભારત વિશ્વનો છઠ્ઠો સૌથી મોટો સીફૂડ નિકાસકાર દેશ છે અને જળચર ઉછેર દ્વારા માછલીનો બીજો સૌથી મોટો ઉત્પાદક દેશ છે.
- **મિથુન મન્હાસની** BCCIના 37મા અધ્યક્ષ તરીકે નિમણૂક કરવામાં આવી. સૌરવ ગાંગુલી અને રોજર બિન્ની બાદ મિથુન ત્રીજા અધ્યક્ષ છે જેઓ ક્રિકેટર પણ હોય. BCCIના ઉપાધ્યક્ષ **રાજીવ શુક્લા** છે.
- **ભારતે** પાકિસ્તાનને હરાવીને નવમો એશિયા કપ જીત્યો. તિલક વર્માએ 53 બોલમાં અણનમ 69 રન બનાવી ટીમને વિજય અપાવ્યો. તિલક વર્માને તેમની ઇનિંગ માટે પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા હતા. અભિષેક શર્માને પ્લેયર ઓફ ધ સિરીઝ જાહેર કરવામાં આવ્યા હતા. ભારતે સૌથી વધુ એશિયા કપ ટાઇટલ જીત્યાં છે, જેમાં T20 ફોર્મેટમાં બે (2016 અને 2025) અને ODI ફોર્મેટમાં સાત (1984, 1988, 1990, 1995, 2010, 2018 અને 2023)નો સમાવેશ થાય છે. શ્રીલંકાએ છ આવૃત્તિઓ જીતી છે, જ્યારે પાકિસ્તાને બેમાં જીત મેળવી છે. એશિયા કપ આગામી 2027માં ODI ફોર્મેટમાં રમાશે.
- મૈસુરુના વરિષ્ઠ પત્રકાર **અમાશી પ્રસન્નકુમારને** 'હોમ્બલે સંહિતા હરિણીકુમાર એલ્યુમની એગ્રી મીડિયા એવોર્ડ 2025' માટે પસંદ કરવામાં આવ્યા.
- **29 સપ્ટેમ્બરના** વિશ્વ હૃદય દિવસ ઉજવવામાં આવ્યો. વિશ્વ હૃદય દિવસ 2025ની થીમ છે **'સ્મોલ લાઇફસ્ટાઇલ ચેન્જીસ, બિગ હેલ્થ બેનિફિટ, ડોન્ટ મિસ અ બીટ'.**
- World intellectual property organization દ્વારા જાહેર કરવામાં આવેલા ગ્લોબલ ઇનોવેશન ઇન્ડેક્સમાં ભારત **38મા** સ્થાને છે જે વર્ષ 2024માં 39મા સ્થાને હતું. વર્ષ 2025માં **સ્વિટ્ઝર્લેન્ડ ઇનોવેશન ઇન્ડેક્સમાં પ્રથમ સ્થાને** છે.
- એમપી ટુરિઝ્મ બોર્ડને હેરિટેજ ટુરિઝ્મ - બેસ્ટ સ્ટેટ માટે **ગોલ્ડન બનિયાન એવોર્ડ** મળ્યો. હેરિટેજ વીક એવોર્ડ્સમાં રાજ્યના સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસાના સંરક્ષણ માટે તેમને આ સન્માન આપવામાં આવ્યું.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઝારસુગુડામાં 60,000 કરોડ રૂપિયાથી વધુના વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો. આમાં રેલવે, ટેલિકોમ્યુનિકેશન, ઉચ્ચ શિક્ષણ, આરોગ્ય સંભાળ અને ગ્રામીણ આવાસ સંબંધિત પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે. ઓડિશાના **બહેરામપુરથી સુરતને** જોડતી અમૃત ભારત એક્સપ્રેસને લીલી ઝંડી આપવામાં આવી.
- કેન્દ્ર સરકારે ઓડિશામાં બે સેમિકન્ડક્ટર યુનિટ અને પ્રસ્તાવિત સેમિકન્ડક્ટર પાર્ક માટે મંજૂરીની જાહેરાત કરી.
- ટાટાનું પહેલું **લાન્ઝા-એન 3D એર સર્વેલન્સ રડાર** નૌકાદળમાં જોડાયું. તેની રેન્જ 9-474 કિમી છે. તે 1 લાખ ફૂટ ઊંચાઇ સુધી દેખરેખ રાખશે. તે દુશ્મન વિમાનોને ઝડપથી શોધી શકશે.
- RBI એ નોટો વિશે માહિતી પૂરી પાડવા માટે માઇક્રોસાઇટ શરૂ કરી. તેને **indiancurrency.rbi.org. in** પર જોઈ શકો છો. તેમાં નકલી નોટો ઓળખવાની રીતો, વિનિમય નિયમોનો સમાવેશ થાય છે.
- **ધીરા નામની માદા ચિત્તા**ને કુનો (શ્યોપુર) થી ગાંધી સાગર (મંદસૌર) મોકલવામાં આવી રહી છે. ધીરા સાડા સાત વર્ષની છે. ગાંધી સાગર ખાતે, ધીરાને નર ચિત્તા, પાવક અને પ્રભાસ સાથે રાખવામાં આવશે.
- ઓગસ્ટમાં ભારતથી યુનાઇટેડ સ્ટેટ્સમાં સ્માર્ટફોન **નિકાસમાં 148%નો** વધારો થયો.

- સિડની થંડર દ્વારા **રવિચંદ્રન અશ્વિનને** બિગ બેશ લીગ ફ્રેન્ચાઇઝમાં જોડાનાર પ્રથમ પુરુષ ભારતીય ક્રિકેટર તરીકે માન્યતા આપવામાં આવી છે.
- એશિયાનાં પ્રથમ મહિલા લોકો પાયલટ **સુરેખા યાદવ** નિવૃત થયાં. તેમણે પૂણે મુંબઈ ડેક્કન ક્વીન એક્સપ્રેસથી તેમની કારકિર્દીની શરૂઆત કરી હતી અને તેઓ લોકલ તેમજ લાંબા અંતરની ટ્રેનો સહિત વંદે ભારત ટ્રેન ચલાવવાનો પણ અનુભવ ધરાવે છે.
- ઈન્ડિયા ઈન્ટરનેશનલ રાઇસ કોન્ફરન્સ (BIRC)નું આયોજન નવી દિલ્હીના **ભારત મંડપમ** ખાતે કરવામાં આવ્યું. તે વિશ્વનું સૌથી મોટું ચોખા માટેનું કોન્ફરન્સ તરીકે ઉભરી આવ્યું.
- CAG ના રિપોર્ટાનુસર 2022-23ના અંત સુધીમાં રાજ્યો પર **કુલ રૂ. 59.60 લાખ કરોડનું દેવું** થયું છે જે રાજ્યોની કુલ GSDPના 22.98% છે. ભારતમાં પંજાબ સૌથી વધુ દેવું ધરાવે છે જ્યારે ગુજરાત સૌથી ઓછું દેવું ધરાવે છે.
- ટેસ્ટ એટલાસની **'100 શ્રેષ્ઠ સીફૂડ ડીશ'** યાદીમાં ત્રણ ભારતીય વાનગીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. કેરળની **કરીમીન પોલ્લીચાથુ** 11મા ક્રમે, બંગાળની **ચિંગરી મલાઈ** કરી 30મા ક્રમે અને તમિલનાડુની **નેથિલી** 81મા ક્રમે રહી. ફિનલેન્ડની **લોઈમુલોહી** વાનગી યાદીમાં ટોચ પર રહી.
- NRI માટે પ્રથમ આરોગ્ય અને અકસ્માત વીમા યોજના **તિરુવનંતપુરમમાં** શરૂ કરવામાં આવી. તેનું નામ **નોરકા કેર** રાખવામાં આવ્યું છે. NORKA ID ધરાવતા બિનનિવાસી કેરળવાસીઓને ₹1 મિલિયન સુધીનો વીમો મળશે.
- જિયો પેમેન્ટ્સ બેંકે ફિનટેક પ્રોડક્ટ **'સેવિંગ્સ પ્રો'** લોન્ચ કરી. તે બચત ખાતાઓમાં વધારાના ભંડોળનું સ્વતઃ રોકાણ કરે છે. સ્વતઃ રોકાણ મર્યાદા દરરોજ ₹ 1.5 લાખ રાખવામાં આવી છે. આ રકમ અંદાજિત વાર્ષિક 6.5% વ્યાજ આપવામાં આવશે.
- મરાઠી બાળ અભિનેત્રી **ત્રિશા થોસરે** માત્ર 4 વર્ષની ઉંમરે રાષ્ટ્રીય પુરસ્કાર જીત્યો. તેણીને ફિલ્મ **'નાલ 2'** માટે **શ્રેષ્ઠ બાળ કલાકારનો પુરસ્કાર** મળ્યો. અભિનેતા **કમલ હાસને** 1960માં 6 વર્ષની ઉંમરે આ પુરસ્કાર મેળવ્યો હતો.
- બીએસએફએ મધ્યપ્રદેશમાં તેની **ટેકનપુર એકેડેમીમાં દેશની પ્રથમ ડ્રોન યુદ્ધ શાળા** શરૂ કરી. અધિકારીઓ અને સૈનિકોને ડ્રોન ઉડાવવા અને ડ્રોન વિરોધી ટેકનિક્સ શીખવવામાં આવશે.
- તમિલનાડુના કરુરમાં તમિલગા **વેતરી કઝગમના** પ્રમુખ **વિજય થલપતિ**ની ચૂંટણી રેલીમાં ભાગદોડ થતાં 39 લોકોનાં મૃત્યુ થયાં.
- વડાપ્રધાન મોદીએ ઓડિશા, આંધ્રપ્રદેશ, ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, આસામ, ગુજરાત અને બિહારમાં BSNLના 4G ટાવરોનું ઉદ્ઘાટન કર્યું.
- નાગાલેન્ડ વિશ્વ વિદ્યાલયના પ્રોફેસરો વિશ્વના ટોચના 2%વૈજ્ઞાનિકોની યાદીમાં સમાવિષ્ટ થયા. અમેરિકાની **સ્ટેનફોર્ડ યુનિવર્સિટી દ્વારા** આ યાદી તૈયાર કરવામાં આવી છે. યાદીમાં સમાવિષ્ટ પ્રોફેસર: પ્રો. અંબરીશ સિંહ, રસાયણશાસ્ત્ર વિભાગ, પ્રો. જોગીન્દર સિંહ, વનસ્પતિશાસ્ત્ર વિભાગ, પ્રો. પ્રભાકર શર્મા, કૃષિ ઇજનેરી અને ટેકનોલોજી વિભાગ**,** પ્રો. પ્રણવ કુમાર પ્રભાકર, બાયોટેકનોલોજી વિભાગ
- યુનેસ્કોએ હિમાચલ પ્રદેશ સ્થિત **કોલ્ડ ડેઝર્ટ બાયોસ્ફીયર રિઝર્વનો** દેશનાં અન્ય 25 બાયોસ્ફિયર રિઝર્વમાં સમાવેશ કર્યો.
- વરિષ્ઠ વકીલ **સાબિતા ભંડારીને** નેપાળનાં નવાં એટર્ની જનરલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યાં.

- હાર્વર્ડ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલા એક સર્વેક્ષણ અનુસાર ભારતીય ન્યાયાધીશો વિશ્વના સૌથી નિષ્પક્ષ ન્યાયાધીશો છે. વિશ્વમાં અમેરિકા અને ચીનના જજો સાથી વધુ પક્ષપાતી ચૂકાદાઓ આપે છે.
- **કણાદ દાસ**ને **બોટાનીકલ સર્વે ઓફ ઈન્ડિયા**ના 13મા ડિરેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. તેઓ આ પદ સંભાળનારા **પ્રથમ માઇકોલોજીસ્ટ** છે. તેમણે **165થી વધુ** મશરૂમની નવી પ્રજાતિઓ શોધી કાઢી છે.
- આયુષ મંત્રાલયે ગોવાના ધાહગલ સ્થિત ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદ ખાતે **ભારતના પ્રથમ ઈન્ટિગ્રેટિવ ઓન્કોલોજી રિસર્ચ એન્ડ કેર સેન્ટર**નું ઉદ્ઘાટન કર્યું. આ કેન્દ્ર કેન્સર રિહેબિલિટેશનમાં ક્રાંતિ લાવશે.
- 2026 સુધીમાં દુબઈમાં 15 કિલોમીટર લાંબો **'દુબઈ ઓટોનોમસ ઝોન'** ખુલશે. તેમાં ડ્રાઇવરલેસ કાર, રોબોટેક્સી, રોબોબસ, ઓટોનોમસ શટલ, ડિલિવરી રોબોટ્સ અને સ્વ-ડ્રાઈવિંગ મરીન વોટર ટેક્સીઓનો સમાવેશ થશે. ઉબેર અને વીરાઈડ સાથે એક એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે અને મુસાફરો તેને એપ દ્વારા બુક કરાવી શકશે.
- બિહારના બકસર જિલ્લામાં આવેલ 448 હેક્ટરમાં ફેલાયેલ **ગોકુળ જળાશય** અને પશ્ચિમ ચંપારણ જીલ્લામાં આવેલ 319 હેક્ટરમાં ફેલાયેલ **ઉદયપુર જળાશયની** રામસર સાઇટ તરીકે પસંદગી કરવામાં આવી. આ નવી યાદી સાથે ભારતમાં કુલ રામસર સાઇટની સંખ્યા **93** થઈ છે. આ સાઇટ ભારતના કુલ **13,60,719 હેક્ટર** વિસ્તારને આવરી લે છે.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઇટલીનાં વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીની આત્મકથા **'આઈ એમ જ્યોર્જિયા'**ની પ્રસ્તાવના લખી. આ પુસ્તકની ભારતીય આવૃત્તિનું શીર્ષક આઈ એમ જ્યોર્જિયા - માય રૂટ્સ, માય પ્રિન્સીપાલ રાખવામાં આવશે.
- વાયુસેનામાં 62 વર્ષ સુધી સેવા આપનાર મિગ 21 પ્લેનને નિવૃતિ આપવામાં આવી. આ ભારતનું પ્રથમ **સુપરસોનિક ફાઇટર જેટ** છે. તેણે 1965 અને 1971ના યુદ્ધ તેમજ 1999ના કારગિલ યુદ્ધ અને 2019ના બાલાકોટ હવાઈ હુમલામાં સફળતા પૂર્વક મિશનો પાર પાડ્યાં હતાં. 1963માં **ચંદીગઢ એરફોર્સ** સ્ટેશનમાં તેને પ્રથમવાર તહેનાત કરવામાં આવ્યું હતું.
- 30 સપ્ટેમ્બરના આંતરરાષ્ટ્રીય અનુવાદ દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસ અનુવાદકોના આશ્રયદાતા સંત અને બાઈબલના અનુવાદક **સેન્ટ જેરોમનો** જન્મદિવસ છે.
- આંધ્રપ્રદેશના તિરુમાલા હિલ્સ અને એરા મટ્ટી ડિબ્બલુ (રેડ સેન્ડ ડ્યુન્સ, વિશાખાપટ્ટનમ)ને યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઇટ્સની કામચલાઉ યાદીમાં સમાવવામાં આવ્યાં. આના સમાવેશ સાથે ભારતમાં **કુલ 69 સાઇટ્સ** કામચલાઉ યાદીમાં સમાવિષ્ટ થઈ. જેમાં 49 સાંસ્કૃતિક, 3 મિશ્ર અને 17 કુદરતી વારસાની મિલકતોનો સમાવેશ થાય છે.

| **કામચલાઉ યાદીમાં સમાવિષ્ટ નવાં 7 સ્થળો** | |
|---|---|
| ડેક્કન ટ્રેપસ (મહારાષ્ટ્ર) | એર મટ્ટી ડિબ્બલુ (આંધ્રપ્રદેશ) |
| સેન્ટ મેરી આઈલેન્ડ (કર્ણાટક) | તિરુમાલા હિલ્સ (આંધ્રપ્રદેશ) |
| મેઘાલય યુગની ગુફાઓ (મેઘાલય) | વરકલા ક્લિફ (કેરળ) |
| નાગા હિલ ઓફિઓલાઈટ (નાગાલેન્ડ) | |

## પ્રથમ રાષ્ટ્રીય ભૂ-ઉષ્મીય ઊર્જા નીતિ

- ભારતની પ્રથમ રાષ્ટ્રીય ભૂ-ઉષ્મીય ઊર્જા નીતિ નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલય (MNRE) દ્વારા સૂચિત કરવામાં આવી.
- ભારતીય ભૂસ્તરશાસ્ત્રીય સર્વેક્ષણે અત્યાર સુધીમાં 381 ગરમ પાણીના ઝરણા શોધી કાઢ્યાં છે જેમની સપાટીનું તાપમાન 35° C થી 89° C સુધી છે.
- આ ગરમ પાણીના ઝરા લદ્દાખ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, અરુણાચલ પ્રદેશ, સિક્કિમ, ઝારખંડ, છત્તીસગઢ, ગુજરાત, ઓડિશા, મહારાષ્ટ્ર અને તેલંગાણા સહિતના ભૂ-ઉષ્મીય પ્રાંતોમાં ફેલાયેલા છે.
- આ ઊર્જા વીજ ઉત્પાદન તેમજ કૃષિ, જળચર ઉછેર, ઔદ્યોગિક પ્રક્રિયાઓ અને ભૂ-પર્યટન જેવી બાબતોમાં ઉપયોગી બની શકે છે.
- નિષ્ક્રિય સ્થળોનું પુનઃઉત્પાદન કરવા અને ડ્રિલિંગના માધ્યમથી ભૂ-ઉષ્મીય વિકાસકર્તાઓ અને તેલ અને ગેસ કંપનીઓ વચ્ચેના સંયુક્ત સાહસોને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.
- આ નીતિ ભૂ-ઉષ્મીય ક્ષેત્રમાં 100% વિદેશી સીધા રોકાણ (FDI) ને મંજૂરી આપે છે અને આયાત પર નિર્ભરતા ઘટાડવા માટે સ્વદેશી ટેકનોલોજી વિકાસ પર ભાર મૂકે છે.
- આ નીતિમાં વીજ ઉત્પાદન માટે ઉચ્ચ-એન્થાલ્પી સંસાધનો અને સીધા ઉપયોગ માટે ઓછા-થી-મધ્યમ એન્થાલ્પી સંસાધનોનો સમાવેશ થાય છે, જે ભારતના નવીનીકરણીય ઊર્જા મિશ્રણમાં ભૂ-ઉષ્મીય ઊર્જાને પૂરક સંસાધન તરીકે સ્થાન આપે છે.

## 69મો બેલોન ડી'ઓર સમારોહ

- **પેરિસના થિયેટર ડુ શેટલેટ** ખાતે **69મા** બેલોન ડી'ઓર સમારોહનું આયોજન કરવામાં આવ્યું. **આઇટાના બોનમેટીએ** સતત ત્રણ વખત મહિલા બેલોન ડી'ઓર એવોર્ડ જીતનાર પ્રથમ મહિલા ખેલાડી બની. બેલોન ડી'ઓર એવોર્ડ્સ સૌપ્રથમ 1956માં રજૂ કરવામાં આવ્યા હતા. તે **ફૂટબોલમાં** સર્વોચ્ચ સિદ્ધિઓ પ્રાપ્ત કરનાર ખેલાડીઓને આપવામાં આવે છે અને વિશ્વના શ્રેષ્ઠ ફૂટબોલરોનું સન્માન કરે છે.

| **વિજેતાઓ** | |
|---|---|
| પુરુષોનો બેલોન ડી'ઓર 2025: ઓસ્માન ડેમ્બેલે | શ્રેષ્ઠ પુરૂષ સ્ટ્રાઈકર: વિક્ટર ગાયકેરેસ |
| મહિલા બલોન ડી'ઓર 2025: આઇટાના બોનમેટીએ | શ્રેષ્ઠ મહિલા સ્ટ્રાઈકર: ઈવા પાજોર |
| મેન્સ ક્લબ ઓફ ધ યર: પીએસજી ક્લબ | શ્રેષ્ઠ મહિલા યુવા ખેલાડી: વિકી લોપેઝ |
| શ્રેષ્ઠ મહિલા ક્લબ: આર્સેનલ ક્લબ | શ્રેષ્ઠ મહિલા ગોલકીપર: હેન્ના હેમ્પટન |
| શ્રેષ્ઠ પુરુષ કોચ: લુઇસ એનરિક | શ્રેષ્ઠ પુરુષ યુવા ખેલાડી: લેમિન યમલ |
| શ્રેષ્ઠ મહિલા કોચ: સરીના વિગમેન | સોક્રેટીસ પુરસ્કાર: ધ ઝાના ફાઉન્ડેશન |
| શ્રેષ્ઠ પુરુષ ગોલકીપર ઓફ ધ યર: ગિયાનલુઇગી ડોન્નારુમ્મા | |


FEE ની ચિંતા છોડો, FREE તૈયારી કરો.
Video Courses પર ક્લિક કરી કોર્સ પર ક્લિક કરો.
Redeem Code પર ક્લિક કરી CrackGPSC કોડ દાખલ કરો.
APPLY પર ક્લિક કરો. આપના કોર્સ તરત જ ON થઈ જશે.
(કોડ એક જ વખત નાખવો, વધુ વખત નાખવાથી કોર્સ કાયમ માટે બંધ થઈ શકે છે.)
ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ
/ CrackGPSCapp
/ crackgpsc
/ CrackGPSCexam
CRACK GPSC
અભ્યાસ/જોબ સાથે, ઘરે બેઠાં, ઓછા સમયમાં કોઈ પણ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી કરો.